## બારામાં સ્થપાશે...

તડકો પડે છે તેવા સંશોધન બાદ ઈન્ડ આર્યા ગ્રીન પાવર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા એશિયા-પેસિફિકનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ નલિયા-તેરા નજીકના ગામમાં બારાના નિર્માણ પામશે. આ અંગે કંપનીના ભારત સ્થિત ઓફિસના ચેન્નાઈના મેનેજિંગ ડાયરેકટર જગન્નાથનના હસ્તે આજે ગુજરાતની પ્રથમ ઓફિસનો ભુજમાં આર.ટીઓ રિલોકેશન સાઈટ વિસ્તારમાં આરંભ કરાયો હતો. વિગતો આપતાં એમડીએ જણાવ્યું હતું કે, દેશમાં આદર્શ સૌર ઉર્જા જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, તામિલનાડુ અને ગુજરાતના કચ્છ જિલ્લામાં છે. દરિયો પણ બારા ગામની નજીક હોવાથી ઈન્ટીગ્રેટેડ રિન્યુઅલ એનર્જી (સંકલિત પુનઃ પ્રાપ્ય ઉર્જા) માટે અનુકૂળ છે. સોલાર એનર્જી વાર્ષિક ધોરણે એક મેગાવોટ પ્લાન્ટ ૧૮ લાખ યુનિટ જનરેટ કરશે. અહી ૨૦૦૦ એકર જમીનમાં આરંભિક તબક્કામાં ૩૦૦ મેગાવોટ સૌર ઉર્જા અને ૨૫ મેગાવોટ પવન ઉર્જાનું ઉત્પાદન કરાશે. શિકાગો બેઝ આ કંપનીનું મુખ્ય લક્ષ ૨૦૧૪ સુધીમાં એશિયા પેસેફિક ક્ષેત્રમાં ૩૦૦૦ મેગાવોટની સૌર ઉર્જા સ્થપાયાનું સંચાલન ગુજરાતમાંથી એટલે કે, શક્યતઃ બારામાંથી કરવામાં આવશે, જેનું મોનિટરિંગ જીપીઆરએસ સોફટવેર દ્વારા કરાશે. ઉર્જા ઉત્પાદન ઉપરાંત ખાસ તો એ મહત્ત્વની બાબત ગણાવાઈ રહી છે કે, અહીં જ એક વર્ષમાં ૫૦૦ મે.વો.ની સોલાર ફોટોવોલ્ટેક પેનલ્સનું મેન્યુફેકચરિંગ કરાશે, તો વિશ્વની સૌથી ઉત્કૃષ્ટ આર એન્ડ ડી સુવિધાનું નિર્માણ કરવાનો દાવો પણ જગન્નાથને કર્યો હતો. મોંઘો કોલસો અને આંતરરાષ્ટ્રીય નીતિઓ ધ્યાને રાખીએ તો અમર્યાદિત સૂર્યકિરણોનો પ્રોજેકટ વાતાવરણ માટે પણ નુકસાનકારક નથી તેવી વાત પણ તેમણે મૂકી હતી. ગુજરાત પ્રોજેક્ટના ડાયરેકટર મનિષ ભાનુશાલીએ બારા માટે કહ્યું હતું કે, ૧૮ માસથી અહીં રિસર્ચ કર્યા બાદ સ્થળ નક્કી કરવામાં આવ્યું છે.



ઇંડ આર્યા કંપની દ્વારા યોજયેલા જોબફેરનું દૃશ્ય - **પ્રકાશ ભટ્ટ**

આ તકે બારાના સરપંચ મનજીભાઈ ભાનુશાલી અને આશાપરના અગ્રણી અરજણભાઈ ભાનુશાલીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ભુજ ઓફિસ સાથે વેબસાઈટને ખુલ્લી મૂકાઈ હતી. આ ઉપરાંત ભુજ સ્થિત મૂળ કચ્છના સીઓઓ ભાવેશ સૈયાએ સ્વાગતવિધિ કરી હતી, તો અન્ય ડાયરેકટર નટરાજન શેખરે રણોત્સવ દરમિયાન અહીંનો પ્રકલ્પ ખુલ્લો મૂકવાનો આનંદ જતાવ્યો હતો.

### કચ્છને જ વીજળી અપાશે

સૌર અને પવન ઉર્જાથી એકત્ર થતી વીજળી આ જિલ્લાને જ અપાશે એમ જગન્નાથને કહ્યું હતું. અબડાસા જેવા પછાત વિસ્તારોમાં વીજધાંધિયા રહેતા હોય છે, ત્યારે સ્થાનિક લોકોને સગવડ માળી રહે તે માટે વિચારાયું છે.

### ગુજરાતના વિકાસથી યુએસ પ્રેરાયું

કચ્છી ડાયરેકટર મનિષભાઈએ એવી બાબત જણાવી હતી કે, યુએસની શિકાગો સ્થિત ઓફિસ ગુજરાતના વિકાસને જોઈને અહીં પ્રોજેકટ માટે પ્રેરાયા છીએ. ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાલી અને ગાંધીનગરસ્તરેથી કંપનીને સહકાર મળતાં આ શક્ય બન્યું છે.